## વાવોલના વિજય એપાર્ટમેન્ટસનું ગણેશ વિસર્જન

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં ધૂમધામથી ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ગાંધીનગર પાસે આવેલા વાવોલ ગામ ખાતે આવેલા વિજય એપાર્ટમેન્ટ ખાતે ગણેશ ઉત્સવનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીના સૌ રહીશો દ્વારા સવાર-સાંજ પૂજા અર્ચના કરવામાં આવતી હતી. જયારે રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા. વિજય એપાર્ટમેન્ટના રહીશો દ્વારા શુક્રવારના રોજ શ્રીજીની પૂજા અર્ચના કરી વરઘોડો કાઢી અંબોડ ખાતે આવેલ સાબરમતી નદીમાં શ્રીજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભકતોને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ગાંધી મિત્ર વર્તુળની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની ચાલુ માસની બેઠક આગામી તા. ૨૬ સપ્ટેમ્બરને શનિવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે સે-૨૧ નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે ગાંધીનગર ખાતે યોજાશે. આ બેઠકમાં સૌ ગાંધીજનોને હાજર રહેવા સંસ્થાના મંત્રી સોમાભાઈ પરમારે અનુરોધ કર્યો છે.


## પ્રાથમિક શાળામાં આજે રજા જાહેર કરાઈ

ગાંધીનગર, તા.૨૫

રાજયનાં પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં આવતીકાલે એટલે કે શનિવારની રજા જાહેર કરી દેવામાં આવી છે. જેનાં કારણે મિની વેકેશન જેવો માહોલ જોવા મળી રહ્યો છે. આજે શુક્રવારે બકરી ઈદની રજા હતી, જ્યારે પરમ દિવસે રવિવારની રજા આવી રહી છે. ત્યારે આ તકનો લાભ લઈને પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા શનિવારની રજા એડજસ્ટ કરીને ત્રણ દિવસનું વેકેશન જાહેર કરી દેવામાં આવ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજય સરકારનાં પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા આવતીકાલે શનિવારની રજા જાહેર કરી હોવાનું જાણવા મળ્યું છે. શનિવારની રજા અંગેનો પરિપત્ર પણ કરવામાં આવ્યો છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીનાં સુત્રોનાં જણાવ્યા મુજબ શિક્ષણ વિભાગ દ્વારા સાતમની રજાના દિવસે શિક્ષક દિનની ઉજવણીનાં સદર્ભમાં શાળાઓ શરૂ રાખવામાં આવી હતી. આ ઉપરાંત આ દિવસે શાળાઓમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં શિક્ષણ દિવસ સ્પેશ્યલ ભાષાનું પ્રસારણ કરવામાં આવ્યું હોવાથી શાળાઓ ચાલુ રાખવામાં આવી હતી. જેને લીધે સાતમની રજા હોવા છતાં પ્રાથમિક શાળાઓ શરૂ રહી હતી.

# જયંત હીરજી ખત્રીના ૧૦૭મા જન્મદિન પ્રસંગે એમના જીવનકવન પર વ્યાખ્યાન



**સતીશ વ્યાસનાં અવતરણ**

જયંત ખત્રીના જીવન કવન પર આધારિત નાટકના ચાર પ્રયોગો અને બે વાચિકમ્ થયાં છે.

પોતાને કેન્સર છે એવું જાણ્યા પછી પત્નીને કહે છે, હમણાં બાળકોને ન કહેતી, એમની પરીક્ષા ચાલે છે.

ખત્રીના વિશાળ જીવનને બે-અઢી કલાકના નાટકમાં મૂકવું હોય તો ખૂબ વિવેક રાખવો પડે.



**કીર્તિ ખત્રીનાં અવતરણ**

જયંત ખત્રી કેટલી ઊંચી કક્ષાની વાર્તાઓ લખી રહ્યા હતા એ તો તેમના અવસાન પછી થયેલા મૂલ્યાંકનથી ખબર પડે છે.

કેન્દ્રીય અકાદમીએ જયંત ખત્રીની સમગ્ર વાર્તાઓનું હિન્દીમાં રૂપાંતર કરાવ્યું છે અને મરાઠી ભાષામાં કામ થઈ રહ્યું છે.



**અજય રાવલનાં અવતરણ**

જયંત ખત્રીએ માત્ર ૫૦ વાર્તાઓ લખી. ખીચડી, ધાડ, અમે બુધ્ધિમાનો જેવી સુંદર વાર્તાઓ એમણે આપી.

એ એવું માનતા કે અણગમો, અસંતોષ અને રોષ એ મારા સર્જનનું બીજ રહ્યું છે.

એમની વાર્તાઓમાં બ્લૅક હ્યુમર જોવા મળે છે.

એ એવું કહેતા : મેં મને ઓળખવા સત્યની શોધ કરી છે.

ગાંધીનગર, તા. ૨૫

ઓમ કમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગુરુવારે ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે જાણીતા વાર્તાકાર જયંત હીરજી ખત્રીના ૧૦૭મા જન્મદિન પ્રસંગે 'મરુભોમનું મોતી : જયંત ખત્રી' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જીવનકાળ દરમ્યાન ૫૦ વાર્તાઓ પૈકી જયંત ખત્રીએ 'વરસાદી વાદળ' નામની વાર્તા સૌપ્રથમ લખી હતી.

તેઓ સારા ચિત્ર દોરે છે એ દશ્યના નિર્માણ માટે એક છોકરી આચાર્યને ફરિયાદ કરે છે કે આ છોકરો મારી સામે જોયા કરે છે ત્યારે ખત્રી ખુલાસો કરે છે, હું તો ચિત્ર દોરવા માટે જોયા કરું છું.

જયંત ખત્રીના જીવન અને કાર્ય વિશે કીર્તિ ખત્રીએ અને જયંત ખત્રીની વાર્તા કલા વિશે વાર્તાકાર અજય રાવલે વક્તવ્ય આપ્યું હતું. નાટક 'ધૂળનો સૂરજ'ની રચના અને પ્રક્રિયા જાણીતા નાટ્યલેખક સતીશ વ્યાસે સમજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વાર્તાકર અજયસિંહ ચૌહાણે કર્યું હતું. વક્તાઓનું પુસ્તકથી સ્વાગત અને આભારવિધિ મનીષ પાઠક દ્વારા કરવામાં આવી હતી.



શ્રી અષ્ટ વિનાયક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ખાડિયા સાર્વજનિક ગણેશ મહોત્સવ ખાતે ગુરુવારે અમદાવાદના જગદીશ મંદિરના મહંત પૂ. દિલીપદાસજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે શ્રદ્ધાપૂર્વક ગણેશજીનાં દર્શન કરી ભાવપૂર્વક સાયંકાળની આરતી કરી હતી.

# ઉગમણા સત્તાવીસ ગોળ સમાજ દ્વારા ૨૭મીએ ગાંધીનગર ખાતે સમૂહ બેઠકનું આયોજન

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૨૭ને બપોરે ગોળ બોલાવવાનું નિયત કરવામાં આવ્યું છે, જેમાં ઉપસ્થિત રહેવા ગોળના સૌ સભ્યોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સંસ્થાના પ્રમુખ પી જે રાઠોડ અને મહામંત્રી એન એમ મોઢવાડીયા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવે છે કે રવિવારે બપોરે ૧.૩૦ કલાકે સંત શ્રી રોહિદાસ સેવા સંકુલ, સૅક્ટર-૬, ખાતે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સમાજ વિકાસ આયોજન માટે પ્રથમ શિક્ષણક્ષેત્ર અને સમાજની એકતા, કાર્યો વિગેરેના આયોજન માટે જમીન ખરીદવા અંગે ફાળાની જવાબદારી વહેંચવામાં આવશે અને આ અંગેનું સમગ્ર આયોજન કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે સમાજ દ્વારા છેલ્લાં સાત વર્ષથી ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજની સ્થાપના કરવામાં આવી છે, જે હાલમાં કાર્યરત છે અને વિદ્યાર્થી, શિક્ષણ સહાયની વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.

# ચિલોડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ બાળ સંસદની ચૂંટણી યોજી લોકશાહીના પાઠ શીખ્યા



તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા

ગાંધીનગર, તા. ૨૫

ચિલોડા સ્થિત પ્રાથમિક શાળામાં તાજેતરમાં નવા વર્ષ માટે બાળ સંસદની રચના કરવામાં આવી. આ માટે ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું, જેનું તમામ સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું.

લોકશાહી પ્રક્રિયામાં ચૂંટણીનો પ્રત્યક્ષ અનુભવ વિદ્યાર્થીઓને કરાવવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૂંટણી પ્રક્રિયામાં નિયમોનુસાર ઉમેદવારી નોંધાવવી, ફોર્મ ચકાસવાં, ફોર્મ પરત ખેંચવાં, આખરી ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવી, મતદારયાદી પ્રસિદ્ધ કરવી, સલામતી વ્યવસ્થા, ચૂંટણી વ્યવસ્થા વગેરે તમામ કામગીરી કરીને મતદાન ગોઠવવામાં આવ્યું હતું.

૨૭ પૈકી ૪ ઉમેદવારોનાં ફોર્મ રદ થતાં ૨૩ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. દરેક મતદાર માટે ૧ મત આપવો ફરજિયાત હતો. કુલ ૧૬૫ મતદારોએ મતદાન કર્યું હતું. ૨૩ મતો રદ થતાં ૧૪૨ મતો માન્ય રહ્યા હતા. સૌથી વધુ ૧૨૭ મત અંજલી કનુજી ઠાકોરને પ્રાપ્ત થયા હતા, જેમની વરણી પ્રમુખ તરીકે કરવામાં આવી હતી. નરેન્દ્ર ઝાલા મહામંત્રી તરીકે ચૂંટાયા હતા. અન્ય વિજેતા ઉમેદવારોમાં રીયા ચૌહામ, પૂજા ધુલેટિયા, માધુરી ખત્રી, કેતન અરગડે, જયદીપ ભોઈ, પ્રિયંકા જાદવ, હીના ઝાલા, સંજના ઠાકોર, સુહાની ઠાકોર સામેલ હતાં. શાળા કમિટીમાં પ્રમુખ, મહામંત્રી તથા ૯ મંત્રી સહિત કુલ ૧૧ હોદેદારોની ચૂંટણી કરવામાં આવી હતી.

# રાષ્ટ્રીય સેવા યોજના દિવસ પર રાજમાર્ગની સફાઈનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

રાષ્ટ્રીય સેવા યોજના, ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા પરિસરમાં ઍમબીએ ગ્રામ વ્યવસ્થાપનના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

વિદ્યાર્થી સંયોજક સ્વયંસેવક નીલેષ ડી જાદવ કાર્યક્રમ આયોજન અંગે જણાવે છે કે દર વર્ષે ભાદરવા માસની પૂનમ નિમિત્તે લાખો શ્રદ્ધાળુઓ ગાંધીનગર થઈને અંબાજી જતા હોય છે. તેઓને સેવાભાવી, સામાજિક, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક સંગઠનો નાસ્તો, ભોજન કે ચ્હા-પાણીની સગવડ કરતા હોય છે. પણ તેમના ગયા પછી નાસ્તાનાં ખાલી પડીકાં રસ્તા ઉપર પડ્યા રહે છે. જેથી આ કચરા થકી ગંદકી થતી હોય છે અને પર્યાવરણને પ્લાસ્ટીકના કચરાથી નુકસાન પહોંચે છે.

વિભાગના અધ્યક્ષ પ્રો. રાજીવ પટેલના માર્ગદર્શન હેઠળ આ વર્ષે વિદ્યાર્થીઓએ સંકલ્પ કર્યો કે ૨૪ સપ્ટેમ્બરે રાષ્ટ્રીય સેવા યોજનાના દિવસે આ કચરો એકઠો કરી સ્વચ્છ ભારત અભિયાનમાં યોગદાન આપવું. વિદ્યાર્થીઓએ એ કાર્ય કર્યું અને ૩ કિમીથી વધુ રાજમાર્ગના રસ્તા ઉપર કચરાનો યોગ્ય નિકાલ કર્યો.

દિવસની ઉજવણીની શરૂઆત વિદ્યાર્થી હાર્દિક પટેલના રાષ્ટ્રીય સેવા યોજનાના લક્ષગીત 'ઉઠે સમાજ કે લીયે...'થી થઈ. સફાઈ કાર્યક્રમમાં ૩૪ ભાઈઓ, ૧૦ બહેનોની પાંચ ટૂકડીઓએ ઘ-૭થી રાંધેજા ચાર રસ્તા સુધીના રસ્તાની સફાઈ કરી. આ કાર્યમાં ફૅકલ્ટી મૅમ્બર્સ પણ ઉત્સાહથી જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે સંસ્થાના ૧૦ વિદ્યાર્થીઓ હાલ ઍલ ડી ઍન્જિનીયરીંગ કૉલેજ, અમદાવાદ ખાતે આયોજિત રાષ્ટ્રીય એકતા શિબિરમાં ભાગ લઈ રહ્યા છે, તેઓ પણ વિભિન્ન પ્રવૃત્તિઓમાં ભાગ લઈ વ્યક્તિત્વ વિકાસની તકોનો લાભ લઈ રહ્યા છે.

# માનસિક વિશિષ્ટ બાળકો માટે વિશાળ ચિત્ર સ્પર્ધા




ગાંધીનગર, તા. ૨૫

દરેક બાળખ વિશિષ્ટ હોય છે અને દરેક બાળકને પોતાની એક ખાસિયત હોય છે, એ ખાસિયતને બહાર આવવાનો મોકો મળવો જોઈએ એવા ધ્યેય સાથે અમદાવાદ ખાતે શનિવારે માનસિક વિશિષ્ટ બાળકો માટેની એક ચિત્ર સ્પર્ધા યોજાઈ રહી છે, જેમાં એકસાથે બે હજાર વિશિષ્ટ બાળકો ભાગ લઈ રહ્યા છે.

એક સાથે આટલી મોટી સંખ્યામાં માનસિક વિશિષ્ટ બાળકોને એકત્ર કરીને એમની ચિત્ર સ્પર્ધા દ્વારા વર્લ્ડ રૅકોર્ડનું સ્વપ્ન પણ આયોજકો જોઈ રહ્યા છે, જે માટે રસ ધરાવતા સૌ કોઈને વધુમાં વધુ સંખ્યામાં આ કાર્યક્રમમાં વિશિષ્ટ બાળકોને જોડવા અપીલ કરવામાં આવી છે.

શનિવારે સવારે ૧૨ કલાકે ઑનીક્સ હૉલ, જીઍમડીસી ગ્રાઉન્ડ, હૅલ્મેટ સર્કલ પાસે, અમદાવાદ ખાતે આ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**

મેઝ રનર (હિન્દી)
સવારે ૯.૧૦, ૨.૩૦, ૭.૫૦

ભાગ જોની
૧૨.૦૦, ૫.૨૦

કેલેન્ડર ગર્લ્સ
૧૦.૪૦

**સ્ક્રીન-૨**

ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૯.૪૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

કટ્ટી બટ્ટી
૧૨.૪૫

**સ્ક્રીન-૩**

કિસ કિસ કો પ્યાર કરું
૧૦.૩૦, ૧.૨૫, ૪.૨૦, ૧૦.૦૫

કેલેન્ડર ગર્લ્સ
૭.૧૫

**સ્ક્રીન-૪**

કેલેન્ડર ગર્લ્સ
૧૦.૦૦, ૪.૦૦

બાંકિ કી ક્રેઝી બારાત
૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## ભુવનેશ્વર યુવક મંડળનો નિર્ણય

# ગત વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશજીનું વિસર્જન નહીં થાય



તસવીર : કશ્યપ નિમાવત

(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૨૫

ભુવનેશ્વર મંદિર, સૅક્ટર-૬ ખાતે આયોજિત ગણેશ મહોત્સવની આયોજક સંસ્થા ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળે નિર્ણય કર્યો છે કે આ વખતે પણ ગણેશજીની પ્રતિમાનું વિસર્જન નહીં કરવામાં આવે. મહોત્સવ પૂર્ણ થતાં તેઓ પ્રતિમાને કોઈ સલામત સ્થળે મુકી આવશે.

ઉલ્લેખનીય છે કે યુવક મંડળે પર્યાવરણ સંરક્ષણ અર્થે ગત વર્ષે પણ આ જ કાર્ય કર્યું હતું. અલબત્ત, વિચાર નવો હતો એટલે પ્રતિમા વર્ષભર સાચવવી ક્યાં? એ સવાલ બહુ મોટો હતો, ઘણી જગ્યાએ પ્રયાસ પણ કર્યો પરંતુ કોઈ પ્રતિમા રાખવા તૈયાર જ ન થયું. અચ્છી અચ્છી સંસ્થાઓ ને વ્યક્તિઓ આ કામમાં પાછા પડી ગયા હતા, પરંતુ આખરે પેથાપુર વૃધ્ધાશ્રમ કૈલાસધામ ખાતે આ પ્રતિમા મૂકવામાં આવી હતી અને આ વખતે પ્રતિમા સાચવવાની જવાબદારી અમરધામ ટ્રસ્ટ સંચાલિત વૃધ્ધાશ્રમ અને યશોદા અનાથાશ્રમ પરિસર, સૅક્ટર-૨૬ ખાતે મૂકવામાં આવશે.

આગામી વર્ષથી ગણપતિની પ્રતિમા ઈકો ફ્રૅન્ડલી રાખીશું એવો નિર્ધાર પણ યુવક મંડળે કર્યો છે.

આ યુવક મંડળ ૨૦૦૮થી ગણપતિ મહોત્સવનું આયોજન કરે છે. શરૂઆત કરી ત્યારે માત્ર ૮ મિત્રો હતા અને નાના પાયે શરૂઆત કરી. એ પછી મહોત્સવનું કદ ધીરે ધીરે વધવા માંડ્યું. અને હવે તો આઠેય દિવસ પાંચસો નગરજનોને તગડા કાર્યક્રમો દર્શાવી શકાય એવી વ્યવસ્થા ગણેશ મહોત્સવ અંતર્ગત ગોઠવાય છે.

સંસ્થાની ટીમમાં સંદિપ જોષી, રોનક ઠાકર, ચિરાગ પરમાર, કૃણાલ સોલંકી, કેયુર જોષી, નીકુંજ શ્રીમાળી, મેહુલ પરમાર, જયદીપ ગજ્જર, કૃષ્ણરાજસિંહ સીસોદિયા, હરદેવસિંહ સિસોદીયા, અંકિત પટેલ, સન્ની જોષી, મનન ડભોડિયા, રાહુલ પરમાર, સુધીર શ્રીમાળી, ધર્મેશ મરાઠી, બચુભાઈ બરંડા, ભરતસિંહ બોરામા, કેયુર ગજ્જર જેવા અલગ અલગ ક્ષેત્રોમાંથી આવતા યુવાઓ સામેલ છે. પરંતુ સંસ્થામાં કોઈ હોદ્દો નથી. સૌ સાથે મળીને કાર્ય કરે છે અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા તથા જીલુભા ધાંધલ, નરેન્દ્રભાઈ મંદિર જેવા સેવકોનો સાથ મળતો જાય છે.

ગણેશ મહોત્સવનો આરંભ કર્યા પછી પોતાના જીવનમાં શાંતિ અને સમૃદ્ધિનો વધારો થયો છે એવું પણ દરેક યુવક સ્વીકારે છે.

વખાણવા જેવી વાત એ પણ છે કે સમગ્ર મહોત્સવ દરમ્યાન ભોજન આ યુવકો પોતપોતાના ઘરેથી લાવે છે અને સાથે મળીને આરોગે છે, જેથી મહોત્સવ માટે મળેલા નાણાં પોતાના ભોજન પાછળ ન ખર્ચવા પડે.

વર્ષભર વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓમાં આ યુવક મંડળ જોડાયેલું રહે છે, જેમને ઘર તરફથી કોઈ રોકટોક નથી? એવો સવાલ પૂછવામાં આવતાં તેમણે બેધડક જણાવ્યું કે અમારા પરિવારજનોને અમારા ઉપર પૂરો વિશ્વાસ છે. અમે ઘરે ના હોઈએ તો અહીં મંદિર ખાતે જ હોઈશું એ વાત એ લોકો જાણે છે ને એટલે જ અમને મોડી રાત સુધી પણ કામ કરવાની અનુકૂળતા કરી આપે છે. અમારા પરિવારોને પ્રતાપે જ અમે આ કામ કરી શકીએ છીએ.

# વિશ્વ બૅન્કમાં ગુજરાતનો ડંકો

એકાદ સપ્તાહ પહેલાં લગભગ તમામ અગ્રણી અખબારોના પાને એક એવા સમાચાર ચમક્યા કે જેનાથી એકેએક ગુજરાતી ગૌરવ મહેસૂસ કરવા લાગ્યો. વિશ્વ બૅન્કે તેના એક આધારભૂત સર્વેના આધારે જાહેર કર્યું કે વેપાર-વાણિજ્ય કરવા અને તેને વિકસાવવા માટે ગુજરાત સર્વશ્રેષ્ઠ રાજ્ય છે. એ વાત તો દીવા જેવી સ્પષ્ટ છે કે જ્યાં વેપાર-વાણિજ્યનો વિકાસ મજબૂત હોય તે પ્રદેશમાં રોજગાર, કૃષિ, સામાજિક ઉત્થાન અને શિક્ષણ આ ચાર મહત્ત્વનાં ક્ષેત્રોમાં પ્રગતિ થઈ જ હોય. લગભગ સવા વર્ષ પહેલાં ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદી ભારતના લોકલાડીલા પ્રધાનમંત્રી બનતા ગુજરાતની નેતાગીરી બદલાઈ. ગુજરાતની જે વિકાસયાત્રા એમણે શરૂ કરેલી એને બરકરાર રાખી વધુ આગળ ધપાવવાના આનંદીબેન પટેલના નેતૃત્ત્વવાળી સરકારના પ્રયાસો અને પરિણાનો સમસ્ત વિશ્વ જેનો વિશ્વસનીય આધાર માને છે એવી વિશ્વ બૅન્કે મજબૂત મહોર લગાવે એ જ એનું સૌથી મોટું પ્રમાણ છે. જે રાજ્યમાં વેપાર-ઉદ્યોગ કરવા માટે શાંતિ, સલામતિ, સરળતાનું વાતાવરણ હોય તેવા રાજ્યને વિશ્વ બૅન્ક સાથે જોડાયેલી આ સંસ્થાઓ વેપાર-ઉદ્યોગ માટેના શ્રેષ્ઠ રાજ્ય તરીકે ઘોષિત કરતી હોય છે, એમાં ગુજરાતનું નામ આવ્યું એ દરેક ગુજરાતી માટે ગૌરવની વાત છે.



વર્તમાન સમયમાં સમસ્ત વિશ્વના બજારો ધીમે ધીમે સ્થગિત થઈને મહામંદી તરફ ઘસડાતા જાય છે. લોકોની પાસેના નાણાં બિનઉપયોગી રીતે ખૂણામાં કાગળના ઢગલા જેવા થઈ રહ્યા છે અને આ નાણાંને વેપારમાં રોકીને આગળ વધારવાની હામ લોકોમાં નથી રહી. જોકે વર્તમાન સમયમાં જ્યાં આવશ્યકતા લાગે તેવાં ક્ષેત્રોમાં અને વિષયોમાં આવા પૈસાનો ઉપયોગ થાય તે જરૂરી છે. ગુજરાત પાસે એવું મઝાનું વ્યાપારિક-વ્યાવસાયિક વાતાવરણ છે કે જ્યાં વેપાર-વાણિજ્યને પનપવા અને વિકસવા માટે સાનુકૂળતા મળે છે. ગુજરાતમાં વેપારમાં રોકેલા નામાં પૂરબહારમાં નવપલ્લવિત થઈ શકે છે.

આ ગૌરવપૂર્ણ સમાચારના મૂળમાં જઈએ તો કેટલીક મહત્ત્વની વાતો સાથે આપણે સંમત થયા વિના નહીં રહી શકીએ. એક તો ગુજરાતમાં લોક કલ્યાણકારી અનેક યોજનાઓ બની છે અને એનો પરિણામલક્ષી અમલ થઈ રહ્યો છે. બીજું, શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વવાળી ગુજરાત સરકારે વિકાસ માટેનું જે સ્ટ્રક્ચર ડિઝાઈન કર્યું છે, તેમાં પારદર્શક અને હકારાત્મક સરકારી તંત્રની અસરકારક કામગીરી દેખાય છે. પરિણામે ઉદ્યોગ સાહસિકો અને રોકાણકર્તાઓને ગુજરાત તેમના વેપાર-ઉદ્યોગ માટે અનુકૂળ અને મઝાનો પ્રદેશ લાગે છે. જે ઉદ્યોગ સાહસિકને આર્થિક મદદ કે અન્ય સંલગ્ન સહાયની જરૂર હોય તેને ગુજરાત સરકાર સહકાર આપે છે અને બીજી તરફ એને સરળતાથી વ્યાવસાયિક સાથીદાર પણ ગુજરાતમાં મળી જાય છે.

સમસ્ત વિશ્વ મંદીના મહાકાય ડાકલા જોઈ રહ્યું છે ત્યારે પ્રધાનમંત્રીના 'મેક ઈન ઈન્ડિયા'ના નારાને ગુજરાતે બરાબર ઝીલ્યો છે. ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ-૨૦૧૫ની અદ્ભૂત સફળતા અને ગુજરાતમાં મૂડીરોકાણની દેશ-પ્રદેશના ઉદ્યોગકારોની તાલાવેલી ગુજરાતના જબરદસ્ત ઔદ્યોગિક વિકાસનું સચોટ પ્રમાણ છે. ભારતના અદ્ભૂત ઔદ્યોગિક વિકાસનું સિમ્બૉલ ગુજરાત બની ગયું છે.

**- પુલક ત્રિવેદી**